નમસ્કાર ગાંધીનગર

પમરાટ

સાવ કોરો પત્ર મોકલ વાંચશું,
ભીતરે એનોય વાચક હોય છે !
મુખ જો ખોલે તો થાય સૌ ઉઘાડા
એટલે દર્પણ અવાચક હોય છે !
- 'ધૂની' માંડલિયા

પાથેય

- રમેશ ઠક્કર

જિંદગીનો અમીરસ

માણસને ઈશ્વરે વિતેલા સમયને વાગોળવાની સગવડ કરી આપીને સખાવત કરી નાખી છે..નાકની દાંડીએ જીવતો માણસ ઘડીભર વિસ્મયને આંજી ને વિતેલી વાટનાં પદચિન્હોને નિરખે તો હવામાં હજુ પણ સુગંધ હોવાની પ્રતિતી થયા વગર રહેતી નથી..કેટકેટલી યાદો અને અનેકવિધ સ્મરણોનો પટારો લઈ માણસ ફરતો રહે છે..યાદો મધુર પણ હોય છે અને કેટલીક ભૂલી જવા જેવી પણ હોય છે..મનમાં સચવાયેલું બધું જ કિંમતી નથી પણ હોતું !

આપણું વિહવળ મન જાણેઅજાણે અતીતનું કોઈક અનુસંધાન શોધે છે ત્યારે આપોઆપ કોઈક મીઠા સંવેદનને સાંધે છે! વિતેલી પળોની પાદપુર્તિ સુખદ તો હોયજ છે પરંતુ એમાં દર્દ હોય તો પણ એ સહજ હોય છે..આપણે મોટાભાગે કડવાશને ઘૂંટીએ છીએ..અને એટલે જ હોવાને ગુમાવીએ છીએ..કોઈક મીઠી વાતને જો વાગોળીએ તો જ જિંદગીના અમીરસનો અનુભવ થતો હોય છે..

કહેવાય છે કે સ્મૃતિના કોષો કાયમી હોય છે અથવા તો એનું હસ્તાંતરણ એક અજાયબ ઘટના જેવું હોય છે...ક્ષણ પહેલાંની ક્ષણોને ભુલી જતો માણસ વરસો પહેલાંની રજકણ જેવી ક્ષણને પણ લાઈવ અનુભવી શકે છે...સ્મરણનું વ્યાકરણ અકથ્ય જ નહીં અવ્યાપ પણ છે..મનગમતી કોઈ વ્યકિત..સુખદ યા સંઘર્ષમય કોક પળો..સ્થળવિશેષ.. કોઈ કિનારો..કોઈ સહારો...બધું જ જીવવા માટેનો સધિયારો બની જાય છે..

જીવનના રિવર્સ ગિયર ભની પણ આગવી ગતિ હોય છે..કયારેક માણસ વિતેલા જીવનનું સરવૈયું પણ જોઈ લેવું પડે છે..અને આવનાર પળોનો પ્રબંધ એના આધાર ઉપર કરવો પડે છે..આ એક જરૂરી સંતુલન છે.જેના થકી થોડીક અનુકુળતા ભને અનુભવી માણસ સીધી લીટીની પોતાની સફરને જીવંત સ્પર્શ આપી શકે છે.

અતિતનું કોઈક ઝરણું જ આપણનેએ ઝંકૃત કરી જાય એવું નથી હોતું..કોઈક તરણું પણ મજાનું ઓવારણું લઈને પ્રગટતું હોય છે..અવનિના અજાયબ અચરજો વચ્ચે અતિતને ઉખેળવાની આ નિસર્ગદત્ત સાનુકુળતા એકવિધ આપણી ઉમરને ઊર્મિઓનું ઉજણ આપી જાય છે..જિંદગીને જાણે નવો લય મળી જાય છે..

સતત ચાલતી અને ઘરઘરાટ કરતી આપણી સફર કયારેક કોઈ મુકામ શોધે છે..બરડ અને બરછટ બની જતી આપણી ગતિનો કર્કશ કર્ણરવ નવો ધ્વનિ પ્રાપ્ત કરે છે..આપણા કોલાહલને કમનીય બનાવી શકે છે..વર્તમાનના વ્યાવધાન વચ્ચે વિતેલા સમયનું જરાક અનુસંધાન સરી રહેલી ક્ષણોને સંવર્ધિત કરે છે..આપણી ગતિને નવો લય આપે છે..જીવન એ બીજું કંઈ નથી નિત નવો આકાર પામતા એક લય છે...

આત્યંતિક હિંદુત્વ લાંબા ગાળે અહિત કરશે

તંત્રીસ્થાનેથી...

આપણે ગમે તેટલા ઉધામા કરીએ તો પણ વિશવ સ્તરે સ્વીકૃત થયેલ ઈસુના વર્ષને નજરઅંદાજ કરી શકવાના નથી તેમ ગમે તેટલી વૈજ્ઞાનિક ગણતરીપૂર્વક આયોજિત હોય તો પણ આપણી વિક્રમ સંવત કે શક સંવત કે યુધિષ્ઠિર સંવતને દુનિયા સ્વીકારવાની નથી. ખુદ આપણે હિંદુ કહેવાતી પ્રજા જન્મ અને મરણની કે પરણી તારીખો જ યાદ રાખવા ટેવાઈ ગયેલ છીએ, કોઈને ભાગ્યે જ એ મહત્ત્વના જીવન પ્રસંગોની હિંદુ તિથિઓ યાદ હશે - સિવાય કે એ કર્મકાંડી જયોતિષી હોય. જયારે અંગ્રેજી અને અંગ્રેજોની સંસ્કૃતિ આપણા ઉઘાડા માથાથી લઈ પહેરવેશ અને ખાણીપીણી તથા રહેણાકનાં મકાનોની બાંધણી સહિત જીવનનાં તમામ નાનાં-મોટાં અંગો અને એકમો પર હાવી થઈ ચૂકી હોય, માતૃભાષા કે રાષ્ટ્રભાષાને હાંસિયે ધકેલી આપણો છેવાડાનો માનવી કે ચોથા વર્ગનો કર્મચારી પણ એના સંતાનોને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવવા આકાશ-પાતાળ એક કરતો હોય અને પેટે પાટા બાંધી એ માટે જરૂરી નાણાંની જોગવાઈ કરતો હોય ત્યારે વિશ્વના સૌથી મોટા વાર્ષિકોત્સવ નાતાલની ઉપેક્ષા કરવાનું કયું શાણપણ છે ? ઈસુના બલિદાનથી શરૂ થયેલ ખ્રિસ્તી ધર્મ દુનિયાનો પ્રમુખ ધર્મ છે એની કેવી રીતે ના પાડી શકાય ? વધુ પડતા ઉત્સાહી હિંદુત્વવાદી શાસકો - પ્રશાસકો એ જ દિવસે અટલ બિહારી વાજપેયીનો જન્મદિવસ આવતો હોઈ નાતાલની વૈશ્વિક પરંપરાગત ઉજવણી પર ઢાંકપિછોડો કરી એ ભલાભોળા પૂર્વ પ્રધાનમંત્રીના નામે અમુક-તમુક કાર્યક્રમો યોજીને એવી છાપ ઊભી કરવા પ્રયાસ કરે છે કે જાણે નાતાલ કરતાં એટલે કે 'ઈશ્વરપુત્ર' તરીકે સર્વસ્વીકૃત ઈસુ કરતાં પણ આપણા નેતા વધુ જલરા હોય ! એ સાચું કે નાતાલાની ઊજવણીમાં અતિરેક થતા રહે છે. પાર્ટીઓ યોજાય છે. કાયદાનું ઉલ્લંઘન થાય છે અને નવા વર્ષની રાતે તો આખો દેશ બાકીની દુનિયાની સ્પર્ધા કરતો હોય એમ છાટકો થઈ જાય છે. ઈસુને પણ એવી બીભત્સ ઉજવણી તો ના જ ગમે 'રામ'નું સતત રટણ કરતાં રહેતા આપણા 'રાષ્ટ્રપિતા' મહાત્મા ગાંધીજી પર ગીતા જેટલી જ અસર બાઈબલના નવા કરારની હતી અને ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આખો બાઈબલ ખંડ છે તેની તેમના દેશવાસીઓને ખબર હોવી જોઈએ. જો કે કાલાન્તરે ગાંધીજી ધીરે ધીરે ભૂંસાતા જાય છે અને 'વિશુદ્ધ' હિંદુત્વની વિચારધારા ધરાવતા કેટલાક ભગવાધારીઓ તો હવે જાણે દેશમાં એમને કોઈ કાયદો અટકાવી શકે એમ જ ન હોય એવી બેફામ માનસિકતા ધરાવતા થઈ ગયા છે. હરિદ્વાર ખાતે ગત સપ્તાહ દરમિયાન આયોજિત એક ધર્મગોષ્ઠીમાં કેટલાક પ્રતિષ્ઠિત સાધુ સંતોએ મુસલમાનોનું નિકંદન કાઢવા સુધીની વાતો કરી દીધી. જિહાદને પણ અંકુશમાં લેવી જ જોઈએ અને સરકાર એ કાર્ય બરાબર કરી રહી છે, પણ આખી કોમ પર દ્વેષ રાખી શસ્ત્ર ઉપાડવાની અને મ્યાંમાર જેવો નરસંહાર કરવાની હાકલ કોઈ પણ સુસંસ્કૃત રાષ્ટ્ર કે પ્રજાને શોભે નહીં. તૃણમૂલ કોંગ્રેસ સાથે સંકળાયેલા કોઈ કર્મશીલે એ મુદ્દે ફરિયાદ દાખલ કરી છતાં ચાર દિવસ લગી એફઆઈઆર નથી નોંધાઈ તે ઉત્તરાખંડની ભાજપ સરકારની ભીરુતા જ સૂચવે છે. છેલ્લે અદાલતમાં અરજી પહોંચી ત્યારે પોલીસે એક એવી વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર ફાડી છે જે ધર્મપરિવર્તન કરીને હિંદુ બનેલા શિયા મુસલમાન છે! આપણા તંત્રવાહકો અને શાસકો આ રીતે જ હિંદુ બહુમતીનું ધ્રુવીકરણ કરી સત્તા હાંસલ કરવા કે સત્તા પર ટકી રહેવાનો શોર્ટકટ અપનાવશે તો દેશ ફરી એકવાર હિંદુ મુસલમાનોના રમખાણોનું મેદાન બની જશે. એ નહીં ભૂલવું જોઈએ કે આજે આપણે દુનિયામાં પહેલાં ચાર-પાંચ શક્તિશાળી રાષ્ટ્રોની પંગતમાં બેસીએ છીએ. ખ્રિસ્તી વિશ્વ જેટલું જ શક્તિશાળી ઈસ્લામિક વિશ્વ પણ છે તે પણ આપણા શાસકોએ બરાબર યાદ રાખવું પડશે. હિંદુ રાષ્ટ્ર તરીકે ઘોષિત કરવાની હિંમત હોય તો ભલે કરો પણ એને બાકીની દુનિયાથી વિખૂટું પડે તે રીતે નહીં જ. હરિદ્વારની ધર્મસભામાં તો ગોડસેની પ્રશસ્તિ પણ થઈ. ગાંધીની હકાલપટ્ટી કર્યા પછી પણ હિંદુસ્તાન ખાડીના દેશો અને ઈરાન જેવાં સમૃદ્ધ રાષ્ટ્રોનો સહકાર તો જોઈએ જ. આ વાત મોદી તો સુપેરે સમજે છે. અટલ બિહારી વાજપેયી તો વળી ઉદારમતવાદી હિંદુત્વના જ પુરસ્કર્તા હતા. પરંતુ ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં સત્તા ટકાવવા માટે આવી આત્યંતિક વિચારધારા સાથે સાંઠગાંઠ કેટલી ઊચિત છે?

બધી કોરોનાનો ટેસ્ટ કરતી લેબ ઓમિક્રોનનો ટેસ્ટ કરી શકે?

શું અત્યારે ઓમિક્રોન કોરોના વધારે પ્રમાણમાં છે ?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર

આજે સૌથી પહેલા વિપુલ આવી ગયો હતો. વિપુલના સગામાં કોઈ લગ્ન પ્રસંગ હતો. એટલે સવારે પાંચ વાગે ઊઠીને ઈડરની બાજુમાં વડાલી ગામમાં લગ્નમાં પોતાની હાજરી આપવા માટે પોતાની ઓફિસમાંથી રજા લઈને ગયો હતો. લગ્ન પ્રસંગ માણીને લગભગ સાત વાગ્યાની સાંજે ઘરે આવી ગયો હતો. જમ્યા પછી તરત જ આઠ વાગ્યાને ટાઈમે ઝાડની નીચે આળી ગયો હતો. વિપુલે ડાહ્યાલાલ, ગાંડાલાલ અને નિલેશને ફોન કરીને વહેલા બોલાવી દીધા. વિપુલે વાત શરૂ કરી અરે ગાંડાલાલ આજે હું વડાલી એક પ્રસંગમાં જઈ આવ્યો ત્યાં તો કોઈએ માસ્ક પહેર્યો હતો. ના... તો કોઈ સોશ્યિલ ડિસ્ટન્સીંગ હતું. કોઈ પણ જાતના કોરોનાના પ્રોટોકોલને નેવે મૂકીને લોકો વર્તી રહ્યા હતા. મને તો એટલી બધી બીક લાગી કે જો આમાં એક જ જણને જો કોરોના હશે તો આ ૨૦૦ - ૫૦૦ માણસ એનું શું થશે ?

એમાં તો એક પ્રવિણભાઈ યુ.કે.થી આવેલ. સજ મજાના લાલ શુટ પહેરીને ભેટતા. દરેક જોડે બધાને યા..... યા... કરીને લોકો જોડે જીવનમાં કોઈ મોટી સિદ્ધિ મેળવી હોય એવી રીતે બધાને મળતા... મારાથી રહેવાયું નહીં મેં જઈને પૂછ્યું.... આપ લંડનમાં શું કરો છો? તો એમને હસતાં-હસતાં કહ્યું મારે એક ગેસ્ટ સ્ટેશન છે અને એક મોટેલ છે. ભુરાઓને મોટેલમાં નોકલી રાખું છું અને આપણા દેશીને ગેસ્ટ સ્ટેશનમાં રાખું છું. આખો દિવસ સામાજિક કામ. મેં કીધું સરસ લંડનમાં ભારતીયોની સેવા કરો છો એ સરસ વાત છે. અને અચાનક પ્રવિણભાઈના મોબાઈલ ઉપર એક વોટ્સએપ આવ્યો અને પ્રવિણભાઈની હવા નીકળી ગઈ... પ્રવિણભાઈ ઓમિક્રોન કોરોના પોઝીટીવ હતા. ચારેબાજુ હો.... હો... થઈ ગઈ. પ્રવિણભાઈ તો કેટલાય માણસોને ભેટી ભેટીને મળ્યા હતા. જેમ જેમ લોકોમાં ખબર પડતી ગઈ તેમ લોકો નાસભાસ કરવા માંડ્યા. કોરોના પોઝીટીવ પોઝીટીવ થઈ ગયું. જેના ઘરે મહેમાન થઈને આવ્યા હતા એ લોકોના પણ હોશ ઊડી ગયા હતા. પણ પ્રવિણભાઈ બહુ સજ્જન માણસ છે.

એમણે તરત જ જાહેર કરી દીધું કે મારાથી દૂર રહો. મને કોરોના પોઝીટીવ છે. પોતાની જાતને બધાથી વિમુખ કરી દીધી. પ્રવિણભાઈને તાવ નહોતો, ના તો ગળામાં દુઃખતું હતું. ના તો આંખો લાલ હતી. જેને કહેવાય કે લક્ષણો વગરનો કોરોના અને એ પણ ઓમિક્રોન કોરોના. બોલો... ગાંડાલાલ મારાથી પણ થોડા દૂર બેસજો હું પણ પ્રવિણભાઈને ભેટેલો છું. ગાંડાલાલથી રહેવાયું નહીં આપણા દેશમાં જયારે પ્રવિણભાઈએ પ્રવેશ કર્યો ત્યારે એમનો કોરોના ટેસ્ટ થયો હશે. પણ કોઈ પણ જાતની તકલીફ ન હોવાથી એમને એમના ગામ વડાલી આવવાની પરમિશન મળી હશે. ડાહ્યાલાલે કહ્યું આનો અર્થ એ થાય કે જે કોઈ પરદેશથી આવતો હોય એને ફરજિયાત એક અઠવાડિયા સુધી આઈસોલેશનમાં રાખવા જોઈએ. કેટલાય માણસોને પ્રવિણભાઈએ કોરોના આપ્યો હશે? ગાંડાલ બોલ્યા... આ તો સારું છે કે પ્રવિણભાઈએ ટેસ્ટ કરાવ્યો અને રિપોર્ટ આવ્યો તો જાહેર પણ કર્યું. એક લેબ વાળો મિત્ર છે એને એવી વાત કરી કે બાર જવું છે એક રિપોર્ટ બનાવી દો ને. બોલો શું કહેવું ? લેબવાળા મક્કમ મને ના પાડતા હોય છે. કારણ કે હવે સરકાર તરફથી ગમે ત્યારે ઓડિટ આવે છે અને જે રિપોર્ટ થયા હોય તે બધાના રન-વે એટલે કે કોરોના ટેસ્ટની સાબિતી બતાવવી પડ છે. એટલે આવું કોઈ મોલેક્યુલર લેબવાળો ના કરે પણ કોઈ લેબનો રિપોર્ટ લઈને સોફ્ટવેરનો જાણકાર કલર પ્રિન્ટર ઉપર ખોટા રિપોર્ટ જનરેટ કરે છે. જો કે એમાં QR Code થી બારકોડ વાંચવો જોઈએ તો આવા ખોટા રિપોર્ટ તરત પકડાઈ જાય. ગાંડાલાલે કહ્યું એ કઈ રીતે? ડાહ્યાલાલે કહ્યું દરેક કોરોનાના રિપોર્ટ ઉપર એક યુનિક બારકોડ હોય છે.જે બારકોડ ફક્ત લેબમાંથી ઉત્પન્ન થઈ શકે. જો QR Code માં લખેલું નામ અને આપેલ રિપોર્ટ ઉપર લખેલું નામ અલગ હોય તો આ નરાધમી ને પકડી શકાય. કારણ કે આ લોકો સમાજનું અહિત કરી રહ્યા છે અને હવે કોરોનાનો રિપોર્ટ ૪૦૦ રુપિયા જેવા નજીવા ભાવે થઈ શકે છે.

દિન મહિમા

- નાતાલ
  નાતાલ એટલે જગતનાં મુક્તિદાતા બાળ ઈસુનો જન્મ. આજનો આ દિવસ એક મહાન પર્વ એટલે કે નાતાલ. જેને આપણે ખ્રિસ્તી જયંતિ પણ કહીએ છીએ. અંગ્રેજીમાં ક્રિસમસ અને હિન્દીમાં બડા દિન તરીકે મનાવવામાં આવે છે.

આજનું

ઔષધ

- મધ અને મીઠું પાણીમાં મેળવી પીવાથી કૉલેરાની અશક્તિ અને ડીહ્યાઈડેશન મટે છે.
- બહેડાના ગરને પીસીને તે પેસ્ટ શરીર પર લગાવવાથી બધી પ્રકારની બળતરામાં રાહત થાય છે.
- સાકર અને કપૂર ને વાટી તેની ચણાની જેવડી નાની ગોળી બનાવવી. આ ગોળી ૩-૩ સવાર-સાંજ લેવાથી સરદી શળેખમમાં તરત રાહત થાય છે.

ખડખડાટ

- વેક્સિન લગાડ્યા પછી વિદેશમાં નર્સને બધા બોલે Thank You અને આપણા ભારતમાં '૩' કેટલી ઘડી રાખવાનું છે.

આજનો

વોટ્સએપ

- દરરોજ તમારી જાતને ગઈકાલ કરતા વધુ સારી બનાવો. એક દિવસ તમે સફળ જરૂર થશો.

વિચાર

- કયારેક કયારેક હાર એ જીત કરતા પણ ખૂબ જરૂરી છે, તેનાથી અભિમાન નિયંત્રણમાં રહે છે.
  - અનામી
- જમાના વફાદાર નહીં તો ક્યાં હુઆ....
  ધોખેબાઝ ભી તો અકસર અપને હી હુઆ કરતે હૈ...
  - રાજ સાથલિયા

આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધતી સુશાસનની નવી પરિભાષા



ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી

સુશાસન એટલે સર્વસમાવેશી વિકાસ સાથે સંકળાયેલું વહીવટીતંત્ર, જે કોઈપણ રાજ્ય કે દેશનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરે છે. દેશના મહાન જનનેતા, પ્રખર વક્તા અને શ્રેષ્ઠ રાષ્ટ્રકવિ, ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ભારતરત્ન સ્વર્ગીય શ્રી અટલ બિહારી વાજપેયીજી હંમેશાં માનતા હતા કે તમામના સહિયારા પ્રયાસોથી જ દેશમાં સુશાસન સ્થાપિત થઈ શકે છે. સુશાસન ક્યારેય એકાંગી ન હોઈ શકે. સુશાસન લોકસશક્તિકરણનું સુંદર ઉદાહરણ છે. જ્યાં સુધી છેવાડાના માનવી સુધી વિકાસની ધારા નથી વહેતી, ત્યાં સુધી સુશાસન વામણું જ રહે છે. લોકશાહીનું સફળ પરીક્ષણ પણ સુશાસનની પ્રયોગશાળામાં જ થઈ શકે છે.

ભારતીય જનતા પાર્ટીની સરકારો તેમના આવા વિચારોને જ પોતાનો આદર્શ મંત્ર માને છે. અમને ગર્વ છે કે અમારી પાર્ટીના પાયામાં આવા વિચારોનું સિંચન છે, જેમાં જનકલ્યાણ અને અંત્યોદયની ભાવના સમાવિષ્ટ છે. આજે અમે દેશના વિકાસ માટે શ્રી અટલજીના આ જ વિચારોને અને તેમના વારસાને આગળ ધપાવી રહ્યા છીએ.

વર્ષ ૨૦૧૪માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી અટલજીના જન્મદિવસ ૨૫ ડિસેમ્બરને 'સુશાસન દિવસલ્ર તરીકે ઊજવવાનો નિર્ણય કર્યો હતો. તેમનો આ નિર્ણય પોતાના આદર્શ નેતાને એક સાચી શ્રદ્ધાંજલિ હતી, કારણકે અટલજી ભારતીય રાજકારણના પહેલા એવા નેતા હતા જેમણે દેશમાં સુશાસનનો પાયો નાખ્યો હતો.

૨૫ ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ જન્મેલા શ્રી અટલ બિહારી વાજપેયી કોઈ પક્ષ પૂરતા જ સીમિત નહોતા, પરંતુ તેઓ દેશના નેતા હતા. તેઓ રાજકારણના અજાતશત્રુ તરીકે ઓળખાતા હતા અને તેમણે પોતાના વાણી, વર્તન અને વિચારોથી આ અનોખી પ્રશંસા મેળવી હતી. એ તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વનો જ કમાલ હતો કે આરએસએસ-જનસંઘની પૃષ્ઠભૂ ધરાવતા હોવા છતાંપણ તેઓ વિપરીત વૈચારિક ધ્રુવો વાળા પક્ષોમાં પણ સ્વીકાર્ય બન્યા હતા. જ્યારે તેમણે 'કદમ મિલાકર ચલના હોગાલ્ર જેવી કવિતા લખી ત્યારે તે ફક્ત એક કવિનું દીવાસ્વપ્ન જ નહોતું, પરંતુ એક સાચી લોકતાંત્રિક વ્યક્તિના અંતરમનની સશક્ત, ઉદાર અને લોકતાંત્રિક અભિવ્યક્તિ પણ હતી.

વ્યક્તિગત રીતે એકદમ સૌમ્ય અને શાંત સ્વભાવ પરંતુ દેશહિતમાં મોટા અને કઠોર ફેંસલાઓ લેનારા અટલજી એક મહાન વ્યક્તિ હતા. તેમણે ભારતીય રાજકારણને પરિપક્વ બનાવવા અને ભારતીય લોકતંત્રને મજબૂત બનાવવામાં ઘણી ઊંડી છાપ છોડી છે. તેમણે દેશના રાજકારણ અને અર્થવ્યવસ્થાને એક નવી દિશા આપી અને એક નવો આયામ આપ્યો. રાજકીય વૈમનસ્યોથી દૂર રહીને તેમણે 'મતભેદ થાય પણ મનભેદ ન થાય' એ સિદ્ધાંત પર ભાર મૂક્યો.

દેશ તેમજ રાજ્યની અમારી સરકારોએ અટલજીના આ જ વિચારોને પોતાના પ્રશાસનનો આધાર બનાવ્યા છે. જ્યારે શ્રી નરેન્દ્રભાઈ દેશના વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે અટલજીની આ જ ભાવનાને મૂર્તિમંત કરવા માટે પોતાની વહીવટીય શૈલીમાં સુશાસનના તત્વોને પ્રાથમિકતા આપી. વર્તમાન સમયમાં દેશને સુશાસનની નવી પરિભાષા આપતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની આત્મનિર્ભરતાના વિચારને આગળ વધાર્યો છે. અમારું માનવું છે કે જો આપણે વિશ્વનું નેતૃત્વ કરવું હશે, તો તેના માટે આપણે આપણા માનવ સંસાધનો અને પ્રાકૃતિક સંસાધનોનો યોગ્ય સુમેળ સાધીને ભારતને દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવું જ પડશે.

ગુજરાત સરકાર દેશને આત્મનિર્ભર બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આગામી ૧૦મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું થીમ પણ અમે 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતલ્ર રાખ્યું છે. આ સમિટમાં અમે સુનિશ્ચિત કરીશું કે ગુજરાત આર્થિક રીતે પહેલા કરતા પણ વધુ સક્ષમ બને અને અમે વધુમાં વધુ ઉદ્યોગોને આકર્ષિત કરીએ તેમજ અમારા સ્ટાર્ટ-અપ્સના વિકાસ માટે પણ અમે એક વિસ્તૃત મંચ પ્રદાન કરીએ.

અવરોધો ભલે અનેક આવે તોપણ આપણે સૌના સાથ, સૌના પ્રયાસ થકી 'આત્મનિર્ભર ભારતલ્ર ના લક્ષ્યને સિદ્ધ કરવું જ રહ્યું. સહિયારા પુરુષાર્થની આ જ ભાવનાને વ્યક્ત કરતી અટલજીની પંક્તિઓ અત્રે યાદ આવી જાય છે....

બાધાએં આતી હૈં આએં,
ઘિરેં પ્રલય કી ઘોર ઘટાએં,
પાવોં કે નીચે અંગારે,
સિર પર બરસેં યદિ જ્વાલાએં,
નિજ હાથોં સે હંસતે-હંસતે,
આગ લગાકર જલના હોગા
કદમ મિલાકર ચલના હોગા.

શ્રદ્ધેય અટલજીના સન્માનમાં આ વર્ષના સુશાસન દિવસને અમે 'ગુડ ગવર્નન્સ વીકલ્ર તરીકે ઊજવી રહ્યા છીએ. એક અઠવાડિયા સુધી ચાલનારા આ કાર્યક્રમમાં નિઃશુલ્ક રસીકરણ અભિયાનનું વિશેષ આયોજન, રોજગાર શિબિર, આયુષ્માન ભારત યોજના હેઠળ કાર્ડનું વિતરણ જેવી અનેક જનકલ્યાણકારી પહેલો અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ૨૫ ડિસેમ્બરના રોજ એટલે કે આજના દિવસે અમે ઈ-સરકાર નામનું પોર્ટલ લોન્ચ કરી રહ્યા છીએ. આ પોર્ટલ દ્વારા એક જ પ્લેટફોર્મ પરથી રાજ્ય સરકારની ઘણી સેવાઓ ઉપલબ્ધ થઈ શકશે. તેનાથી પેપરલેસ કાર્યપદ્ધતિને તો પ્રોત્સાહન મળશે જ પરંતુ, તેનાથી સરકારી કામો ઝડપભેર થઈ શકશે અને લોકોની ફરિયાદોનો પારદર્શિતાથી નિકાલ થઈ શકશે તેમજ સૂચનોનો સ્વીકાર થઈ શકશે.

અટલજીએ આજીવન રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીયતાની આહલેક જગાવી રાખી. તેમના વિચાર, તેમની કવિતાઓ અને તેમના કાર્યો ભવિષ્યની પેઢીઓને પોતાની સંસ્કૃતિ, સભ્યતા અને દેશભક્તિ માટે પ્રેરિત કરતા રહેશે. ભારત જ નહીં, પરંતુ આખું વિશ્વ તેમને એક આદર્શ જનનેતા, એક શ્રેષ્ઠ વક્તા અને એક મહાન રાષ્ટ્રકવિ તરીકે ચિરકાળ સુધી યાદ રાખશે. આ મહાન વ્યક્તિત્વને ગુજરાતની સાડા છ કરોડની જનતા તરફથી મારા કોટિ-કોટિ પ્રણામ.

મીઠા વીરડાને જીવંત રાખવાની મથામણ એટલે કેળવણી..!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

'શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ' કેળવણી વિષયક લેખોનો સંગ્રહ છે..એના લેખક છે મૂળશંકર મો.ભટ્ટ..આપણે એમને વિદેશી વાર્તાઓ કે નવલકથાને અદ્ભુત રીતે ગુજરાતી ભાષામાં લાવનાર અનુવાદક તરીકે ઓળખીએ છીએ..મૂળ એ સંગીતના શિક્ષક હતા..એ પછી કેળવણીકાર..ભાવનગર અને દક્ષિણામૂર્તિ ના જે જાણીતાં નામો છે એમાં એ શિરમોર..એમના ત્રીસ વરસના અનુભવોનો નીચોડ એટલે આ પુસ્તક...

આપણે ત્યાં શિક્ષણ કેળવણી અને વિદ્યાર્થી ઘડતર ઉપર ઘણું લખાયું છે... આપણે આજકાલ એને સમસ્યા પણ કહીએ છીએ..હકિકતમાં કેળવણી એ સમસ્યા નહીં પણ સતત સુધારણાની એક પ્રક્રિયા છે અને શિક્ષક એનો સુધારક છે..એની ભૂમિકા અન્ય ક્ષેત્રોના સુધારકો કરતાં થોડીક અલગ છે.લેખકના મતે શિક્ષક એટલે નિષ્ઠાનો ધબકાર ! ગુરૂ નાનાભાઈ ભટ્ટ તરફથી એ સરસ મંત્ર પામે છે... 'મૂળશંકર આપણે ભણવામાં હોંશિયાર હોઈએ એટલું જ પૂરતું નથી,પરંતુ આપણે પ્રામાણિક પણ થવાનું છે ' અને આજીવન એ નિષ્ઠાવંત શિક્ષક થવાનો પ્રયત્ન કરે છે..એમની આ મથામણ એટલે આ સંગ્રહના અઠ્ઠયાવીસ જેટલા લેખો..

લેખકનો જન્મ ધંધુકા તાલુકાના નાનકડા ગામ રોજકામાં તારીખ ૨૫/૬/૧૯૦૭..ગુજરાત વિધ્યાપીઠમાં ઉચ્ચ શિક્ષણ પામ્યા... સંગીત વિશારદ... લોકભારતી સણોસરામાં શિક્ષક.ગૃહપતિ..લોકમિલાપ, દક્ષિણામૂર્તિ જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં કામગીરી... કેળવણીકાર... વિચારક..અનુવાદક..ગાંધી વિચારના પુરસ્કર્તા..૧૪ જેટલાં મૌલિક પુસ્તકો અને એથી પણ વધારે લગભગ ૧૫ જેટલા ઉચ્ચ કક્ષાના અનુવાદો એમની પાસેથી મળ્યા છે..સાડા સાત દાયકાની જીવન સફર સંપૂર્ણપણે શિક્ષણને સમર્પિત... તારીખ ૩૧/૧૦/૧૯૮૪ના રોજ દેહવિલય પામ્યા ત્યાં સુધી ભેખધારી શિક્ષક.

લેખક આ પુસ્તકમાં એમના અનુભવો સાથે કેળવણી બાબતે જે વાતો મૂકે છે એ આજે પણ એટલી જ ઉપયોગી લાગે છે... એમનામાં એક નિસબત છે..ઉકેલ છે. કેળવણી એ કોઈ પાણીથી ભરેલો કૂંડ નથી પણ એક વીરડો છે એવું એ માને છે..જુઓ એમના શબ્દો.. 'વીરડાની મોટી લાક્ષણિકતા એ છે કે છાલિયું ભરીને પાણી લો ત્યાં બીજું છાલિયું ભરાય એટલું પાણી આવી જ જાય ! કૂંડી ખાલી થઈ જાય,વીરડો ખાલી નહીં થાય.કારણ કે તેની પોતાની એક સ્વતંત્ર આવ છે. એનો સ્રાવ વિસ્તાર છે..એની સરવાણીઓ સતત ફૂટતી રહે છે..' વીરડો એટલે તાજગી..નિર્મળતા અને સતત નવી અનુભૂતિ..કેળવણીનું ક્ષેત્ર પણ વીરડા જેવું હોવું જોઈએ એવું એ બહુ સરસ રીતે કહે છે..

'શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ' પુસ્તકમાં દરેક પ્રકરણ એક અલગ વિચાર છે... 'શિક્ષક થતાં પહેલાં ' એ શિર્ષક હેઠળ લેખકે આપેલી સલાહ જુઓ...' શિક્ષણનું કાર્ય એક મોટો કસબ છે. તેમાં અનેક ગૂઢ શકિતઓ પડેલી છે..પણ આ ધંધામાં જો વશેકવશે પડવું પડે એટલે કે ધકેલાવું પડે એવી જો તમારી સ્થિતિ હોય તો તમારે માટે આ ધંધાની મજા માણવી લગભગ અશક્ય છે.તમને એની તાલીમ ના મળી હોય અને એ મુશ્કેલ લાગે એ અલગ વાત છે.પણ તમને એમાં મૌલિક રસ ના હોય તો તો તમે આ વ્યવસાયમાં તરફડિયાં જ મારવાના..ને તમારી પાસે ભણવા આવતા છોકરાંને પણ ભેગાં ખેંચવાના...' કેટલું અદ્ભૂત ચિંતન છે..આવું દર્શન તો અહીં દરેક પાના ઉપર જોવા મળે છે.

લેખક શિક્ષકની નિષ્ઠા માટે આગ્રહી છે. એમના મતે એનાં ત્રણ મહત્વનાં લક્ષણો છે..(૧)બહુશ્રુતતા (૨)શિષ્યવત્સલતા(૩) બ્રહ્મનિષ્ઠા..માનવજીવનનાં સ્થાયી મૂલ્યાંકનોને બાળકના ચિત્તમાં સ્થિર કરવાં તે કેળવણીનું લક્ષ્યબિંદુ હોવું જોઈએ એવું એ માને છે. અને કહે છે...'કેળવણી તો તે સાચી કે જે વ્યકિતત્વના ઉગમસ્થાનને અને ઉગેલ વ્યકિતત્વને સરખું મહત્વ આપે...'

સદાચાર એ શિક્ષક માટે મોંઘેરી મૂડી સમાન છે એવું એ માને છે.એ માટે જરૂરી છે સદ આચરણ..એ સરસ વ્યાખ્યા આપે છે 'જે સ્થળે જે આચરણ કરવાથી વ્યક્તિને કે સમાજના મોટા ભાગને સુખ ને લાભ થાય, તે સદાચાર છે એમ ગણવું..' નઈ તાલીમ અને શ્રમના મહિમા વિશેનું એમનું ચિંતન અદ્ભુત છે.આ તમામ લેખો ઓલવાયેલા કોડિયાના પ્રકાશ જેવા છે..જે તે સમયે પણ એના અજવાસનો પ્રભાવ હતો આજના અંધકારને ભેદવા માટે પણ એ અસરકારક છે.

માણસ જીવશે ત્યાં સુધી એને કેળવણી પામતા રહેવું પડશે. આજના જગતની સમસ્યાઓ ભલે અલગ હશે પણ પડકારો એના એ જ છે..મૂળશંકર ભટ્ટ જેવા શિક્ષકો આજે દુર્લભ છે...આજનો માહોલ કેવો છે ? કેટલાંક તારણો.

(૧)આજનો શિક્ષક વિદ્યાર્થીના કુતુહલને સંતોષી શકતો નથી... (૨)માબાપ સંતાનને જણસની જેમ ઘાટ આપવાનો પ્